LAKSHYA CAREER ACADEMY Way to success...
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

## S & P રેટિંગ

- ગ્લોબલ રેટિંગ એજન્સી S & P (સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ)એ વર્ષ 2017 માટે ભારતનું રેટિંગ BBB (બીબીબી માઈનસ) યથાવત્ રાખ્યું છે.
- S & P એ આશા વ્યકત કરી છે કે,અગામી બે વર્ષ 2018 થી 2020 વચ્ચે ભારતીય અર્થતંત્ર વધુ મજબુત બનશે.
- આ અગાઉ આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સી મૂડીઝે ભારતનું રેટિંગ Baa3 થી સુધારીને Baa2 કર્યુ હતું.

## શ્રીમતી સૌમ્યા સ્વામીનાથન

- ભારતમાં હરિત ક્રાંતિના જનક શ્રી એમ.એસ.સ્વામીનાથનનાં પુત્રી શ્રીમતી સૌમ્યા સ્વામીનાથની સ્વિત્ઝર્લેન્ડનો જિનેવામાં WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન)ના ડેપ્યુટી ડિરેકટર જનરલના પદે નિમણૂક કરવામાં આવી છે.

## હૈદરાબાદ મેટ્રોના ઉદ્‌ઘાટન

- 28નવેમ્બર,2017ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેલંગણાની રાજધાની હૈદરાબાદની મેટ્રોટ્રેનનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- પ્રથમ ચરણમાં મિયાપુરથી નાગોલ વચ્ચે ચાલનારી આ મેટ્રો ટ્રેનનો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હૈદરાબાદના મિયાપુર સ્ટેશનેથી પ્રારંભ કરાવ્યો હતો.
- ભારતમાં સૌ પ્રથમ 24 ઓકટોબર,1984ના રોજ કોલકતામાં મેટ્રોટ્રેનની શરૂઆત થઈ હતી.
- હૈદરાબાદ મેટ્રો ટ્રેનની સવલત ધરાવતું દેશનું 10 મું શહેર બન્યું છે.

## હાંગસાંગ–15

- હાંગસાંગ–15 એ ઉતર કોરિયાની ICBM (ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ)છે.29 નવેમ્બર,2017 ના રોજ ઉતર કોરિયા દ્વારા તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- ઉતર કોરીયાના વર્તમાન રાષ્ટ્રપતિનું નામ શ્રી કિમ જોંગ–ઉન છે.
- ઉતર કરોરિયાની રાજધાનીનું નામ પ્યોંગયાંગ છે.

| ભારતની ICBM મિસાઈલો | | |
|---|---|---|
| ક્રમ | મિસાઈલ | રેન્જ |
| 1. | અગ્નિ–5 | 5,500 – 8000 km |
| 2. | અગ્નિ–6 | 10,000 – 12,000 km |
| 3. | સૂર્યા | 12,000 – 16,000 km |

## 1 ડિસેમ્બર,વિશ્વ એઈડ્‌સ દિન

- ‘વિશ્વ એઈડ્‌સ દિવસ’ની ઉજવણીનો પ્રારંભ 1 ડીસેમ્બર,1988 થી થયો હતો.
- વિશ્વ એઈડ્‌સ દિવસનો સિમ્બોલ‘રેડ રિબિન’ છે.
- વર્ષ 2017 ની વિશ્વ એઈડ્‌સ દિવસની થીમ ‘માય હેલ્થ,માય રાઈટ’ છે.

LAKSHYA CAREER ACADEMY Way to success...
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

## 8મી ગ્લોબલ એન્ટરપ્રિન્યોરશિપ સમિટ(GES) – 2017

- 28 થી 30 નવેમ્બર, 2017 દરમિયાન હૈદરાબાદના ઈન્ટરનેશનલ કોન્વેન્શન સેન્ટર ખાતે 8 મી ગ્લોબલ એન્ટરપ્રિન્યોરશિપ સમિટ(GES)–2017 નું આયોજન થયું હતું.
- ભારતમાં સૌપ્રથમ વખત યોજાયેલી આ સમિટનું ઉદ્‌ઘાટન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને અમેરિકાના વિશેષ સલાહકાર તથા શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રી શ્રીમતી ઈવાન્કા ટ્રમ્પે કર્યુ હતું.
- આ સમિટની મુખ્ય થીમ 'વુમન ફર્સ્ટ,પ્રોસ્પેરિટી ફોર ઓલ' હતી.
- આ સમિટનો પ્રારંભ વર્ષ 2010 માં અમેરિકાના વોશિંગ્ટન ડિસીથી થયો હતો.

## "મિત્ર" રોબોટ

- આ સમિટમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રીમતી ઈવાન્કા ટ્રમ્પે 'મિત્ર' નામનો રોબોટ લોન્ચ કર્યો હતો.
- 'મિત્ર' રોબોટ ભારતનો સ્વદેશી રોબોટ છે.
- બેંગાલુરુની ઈન્વેન્ટોનામની કંપની દ્વારા આ રોબોટ બનાવવામાં આવ્યો છે.
- હોસ્પિટલ તથા બેન્કની કામગીરી માટે તે ઉપયોગી છે.

## ગુજરાતના નવા DGP

- કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાતના પોલીસતંત્રના પોલીસતંત્રના વડા(DGP) તરીકેનો વધારાનો ચાર્જ IPS શ્રી પ્રમોદકુમાર ને સોંપ્યો છે.
- આ ચાર્જની સાથે તેઓ તેમની સેવા નિવૃતિ(31 જાન્યુઆરી, 2018)સુધી ગુજરાત રાજ્યના પોલીસ વડાનો વધારાનો ચાર્જ સંભાળશે.જેઓ ગીથા જોહરીનું સ્થાન લેશે.

- 26નવેમ્બર,1949ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.આથી 26 નવેમ્બરને રાષ્ટ્રીય બંધારણ(સંવિધાન),રાષ્ટ્રીય કાયદા,2017 માં 68માં રાષ્ટ્રીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી.
- ઈજિપ્તના ઉતર સિનાઈ પ્રાંતના બિન–અલ–આબેદ નામના શહેરમાં આવેલી અલ રવદાનામની સૂફી મસ્જિદમાં ઈજિપ્તના ઈતિહાસનો સૌથી મોટો આતંકી હુમલો થયો હતો.
- 27 નવેમ્બર,વિશ્વ મહિલા હિંસા નિવારણ દિન
- અમેરિકાના લાસ વેગાસ ખાતે યોજાયેલી 66 મી મિસ યુનિવર્સ સ્પર્ધામાં આફ્રિકાની ડેમી –લેઈઘ–નેલ–પીટર્સ વિજેતા બની.ભારતનું પ્રતિનિધિત્વ ચેન્નઈની શ્રદ્ધા શશીધરે કર્યુ હતું.